


(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

બનાસકાંઠાના ધાનેરા પંથકમાં વિકાસની સાથે સાથે અસામાજીક બદીઓ પણ વ્યાપક રીતે ફુલી પાલી રહી છે. આ પંથકમાં દેશી દારૂ, વિદેશી શરાબ અને વરલી-મટકા, ગંજીપા સહિતના જુદી જુદી જાતના જુગારખાના ધમધમી રહ્યાં હોવાના કારણે આસપાના ગામોના ગ્રામજનો ખરાબ લતે ચડી પરિવાર બરબાદ કરી રહ્યા છે. આ વિસ્તારમાં આ બદીઓ ફુલવા-ફાલવા પાછળ પોલીસની હપ્તાખોરીના કારણે બુટલેગરો તેમજ જુગારધામના સંચાલકો પ્રત્યે રહેમનજર હોવાનુ પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે. ધાનેરાના વિવિધ વિસ્તારો જેવા કે સુવાવડખાનાની જોડે, મેલડી માતાના મંદિર નજીક, ભગવતી વીડીયોની ગલી, નવા બસ સ્ટેન્ડમાં અને તેની પાસેના વિસ્તારમાં ડીસા રોડ, મધુસૂદન માર્કેટની સામે, ત્રિકોણીય શોપીંગ પાસે, કોટેજ દવાખાનાપાસે, ધરણીધર શોપીંગ પાસે જેવા વિસ્તારોમાં જુગારખાના ધમધમી રહ્યા છે. હાર્યા જુગારી બમણુ રમે તેમ પ્રજાજનો આ અડ્ડાઓના નરાધમો પાસે ખુલ્લેઆમ લુંટાઈ રહ્યા છે ત્યારે જિલ્લા પોલીસ વડા ડી.બી. વાઘેલા આ અંગે એલસીબી, એસઓજીની મદદથી આ અનીતિના ધામો તાકીદે બંધ કરાવે તે માટે ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ પ્રદેશ કક્ષાએ પ્રથમ

ભિલોડા, તા.૭

અમદાવાદ પ્રદેશ કક્ષાના બાળ પ્રતિભા શોધ સ્પર્ધા શુક્રવારના રોજ ગાંધીનગર જીલ્લાના રૂપાલ મુકામે શ્રી વરદાયીની પ્રાથમીક શાળામાં કરવામાં આવ્યું હતું. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ તમામ સ્પર્ધકોને હંફાવ્યા હતા.આ સ્પર્ધામાં નિબંધલેખન ખુલ્લા વિભાગમાં ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનો વિદ્યાર્થી અસારી ગૌરાંગકુમાર આનંદભાઈએ પ્રદેશ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી રાજ્ય સ્તરની સ્પર્ધામાં દાવેદારી નોંધાવી હતી.

# ખેડબ્રહ્મા તાલુકાના નિવૃત્ત શિક્ષકોની સેવાપોથી પ્રકરણમાં જવાબદારી નક્કી થઈ

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકામાં ૨૦ વર્ષ પહેલાં નિવૃત્ત થયેલા પ્રાથમિક શાળાના ૧૨ શિક્ષકોની સેવાપોથીઓ તાલુકા પંચાયતના શિક્ષણ વિભાગમાંથી ગુમ થવા અંગે પોલીસ ફરિયાદ થતા તપાસમાં તત્કાલીન જુનીયર કલાર્કની બેદરકારી પોલીસ તપાસમાં બહાર આવતા શિક્ષણ વિભાગે કાયદાકીય પગલાં ભરવા કવાયત હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકાના નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોની સેવાપોથીઓ તાલુકા પંચાયતના શિક્ષણ વિભાગની બેદરકારીના કારણે ગુમ થતાં નિવૃત્ત શિક્ષકોના પગાર તફાવત તથા રીવાઈઝ પેન્શનના લાભ અટકી ગયા હતા જેથી નિવૃત્ત કર્મચારી મંડળ ખેડબ્રહ્મા દ્વારા ઉગ્ર રજુઆત થતાં જિલ્લા શિક્ષણાધિકારીએ ખેડબ્રહ્મા પ્રાથણિક શિક્ષણ અધિકારીને પોલિસ ફરિયાદ કરી ડુપ્લીકેટ સેવા પોથીઓ આપવા આદેશ કર્યા હતા જેના પગલે ખેડબ્રહ્માના ઈચાર્જ શિક્ષણ અધિકારી પિયુષભાઈ બી. જોષીએ ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેથી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના ટાઉન જમાદાર કનુભાઈ વીરાભાઈ એ શિક્ષણ શાખાના દફતરની તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં તા. ૩૧-૩-૯૭ના રોજ શિક્ષણ શાખાના જે.એમ. ચમારે જુનીયર કલાર્ક આર.એમ. જોષીને ચાર્જ સોંપ્યો હતો આ સેવાપોથીઓ ચાર્જમાં આપી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

તા. ૨૭-૧-૨૦૦૦ના રોજ આર.એમ. જોષીની બદલી થતાં તેમણે એસ.કે. પરમારને ચાર્જ સોંપ્યો હતો જેમાં આ ૧૨ સેવાપોથીઓ સોંપવામાં આવી ન હતી તેથી આર.એમ. જોષીની બેદરકારી જણાઈ આવી હતી. ગુમ થયેલ સેવાપોથીઓનું પંચનામુ કરવામાં આવ્યું છે જો કે આર.એમ. જોષી નિવૃત્ત થઈ ગયા છે. તપાસ કરનાર ટાઉન જમાદાર કનુભાઈ એ આ અંગે તાલુકા શિક્ષણ અધિકારી પિયુષભાઈ બી. જોષીને નામ જોગ જાણ કરી પોલિસ વિભાગના ઉચ્ચ અધિકારીઓને જાણ કરી છે.

આ અંગે ખેડબ્રહ્મા પ્રાથમિક ઈન્ચાર્જ શિક્ષણ અધિકારી પિયુષભાઈ બી. જોષીએ જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગનું મહેકમ ટી.ડી.ઓના હસ્તક હોવાથી પોલીસ તપાસના રીપોર્ટ અંગે ટીડીઓને જાણ કરવામાં આવી છે.



### ઉદ્યોગપતિ એન.આર.આઈ. ડી.આર. પટેલે યુનિક-યુ સ્કૂલની મુલાકાત લીધી

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આવેલી યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક એન.આર.આઈ. ડી. આર. પટેલે ઉદ્યોગ વિશેની તાલીમ આપી હતી. ઈડરમાં આવેલ યુનિક યુ સ્કૂલ દ્વારા અવાર-નવાર બાળકોને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો થકી શારીરિક શક્તિઓને વિકસાવવા કાર્યક્રમો કરવામાં આવે છે. ત્યારે આજરોજ શાળાના વિદ્યાર્થીઓને ઉદ્યોગપતિ બનવા માટે જાણકારી આપવામાં આવી હતી. મુળ ગુજરાતી અને અમેરિકાના કેલીફોર્નિયામાં સ્થાયી થઈને પ્લાસ્ટિક પર બિઝનેશ કરનાર ડી.આર. પટેલે યુનિક-યુ સ્કલની મુલાકાત લીધી હતી. અને તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' ઉદ્યોગપતિ બનવા માટે ઉંચો ધ્યેય રાખી સખત પરિશ્રમ કરવા જણાવ્યુ હતુ. પટેલે કમ્પ્યુટરાઈઝ પ્લાસ્ટિક મોલ્ડીંગ અને નેશનલ મેડીકલ પ્રોડેક્ટમાં ખુબ પ્રગતિ કરી છે. અને તેમણે નીડલ વગરના ઈન્જેક્શનની શોધ કરી છે.

# ધાનેરા નજીક દારૂ ભરેલી ગાડીએ બે ગૌવંશને મારી નાખતા ફીટકાર

## પોલીસે કરેલી નાકાબંધીથી બચવા સ્કોર્પિયો નજીકના વાડામાં ઘુસાડી દેતા બે ગૌવંશના મોત : ગાડીમાંથી ૧.૨૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ધાનેરા, તા. ૭

બનાસકાંઠાના સરહદી વિસ્તાર ધાનેરા પંથકમાં પડોશી રાજ્ય રાજસ્થાનમાંથી વિદેશી શરાબની મોટા પાયે હેરાફેરી ખુલ્લેઆમ ચાલી રહી છે. અનેકવાર પોલીસવડાને કે સ્થાનિક પોલીસને મળેલ બાતમીના આધારે દારૂની હેરાફેરી કરતી ગાડીઓ ઝડપાઈ જાય છે. તાજેતરમાં આવી જ એક બાતમી જેમાં સ્કોર્પિયો કાર વિદેશી દારૂ ભરીને આવતી હોવાની માહિતીના આધારે પોલીસે ભાટીબ નજીક નાકાબંધી કરીને ઝડપવા કવાયત હાથ ધરી હતી. સ્કોર્પિયો ગાડીના ચાલકે પોલીસ નાકાબંધી જોઈ ગાડી ગામના રહેવાસી હાથીભાઈ મેઘવાલના ઘરનાવાડામાં ઘુસાડી દીધી હતી. જેના કારણે ત્યાં બાંધેલા ગાયના વાછરડાં અને ગાય સાથે ધડાકાભેર અથડાતા બે નિર્દોષ ગોવંશને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ફીટકારની લાગણી પ્રવર્તી રહી છે.

પોલીસે આ ગાડીમાંથી વિદેશી દારૂની ૧૨૧૪ બોટલો જેની આશરે કિંમત રૂ. ૧૨૪૪૦૦ જેટલી થાય છે. તે સહિત સ્કોર્પિયો ગાડી આશરે કિંમત રૂ. ૩ લાખ સાથે તમામ મુદ્દામાલ કબજે લીધો હતો. આ ઘટનામાં સ્કોર્પિયો ચાલક નાસી જવામાં સફળ રહ્યો હતો. જેની વિરૂદ્ધ એએસઆઈ આબાદખાન દાદામિયાંની ફરિયાદના આધારે પો. સબ ઈન્સ્પેક્ટર એસ.ડી. પટેલે સઘન તપાસ હાથ ધરી છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## હિંમતનગરના વક્તાપુર ખાતે જિલ્લા કોંગ્રેસની ચિંતન શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જીલ્લામાં કોંગ્રેસને તળીયે થી બેઠી કરવા માટે શુક્રવારે હિમતનગરના વક્તાપુરમાં પદ્માવતી જૈન મંદિરના હોલ ખાતે એક ખાસ ચિંતન શિબીર કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી મધુસુદન મીસ્ત્રીની અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.આ ચિંતન શીબીર દરેક જીલ્લા મથકે યોજાયા છે.જેમાં જીલ્લાના દરેક તાલુકાના હોદેદારોના કાર્યકરો સાથે અને તાલુકાના હોદેદારો ના જીલ્લાના હોદેદારો અને ધારાસભ્યો સાથે કેવી રીતે સંકલન રાખવું અને કોંગ્રેસમાં નવા સભ્યોને કેવી રીતે જોડવા તેવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.આમ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ને સુદ્રઢ કરવા અંગેના અભિગમ માટે ભૂમિકા પત્ર નામની એક પુસ્તિકા દરેક તાલુકાના હોદેદારોને આપી હતી અને તેમાં જરૂરી માહિતી ભરી તે અગામી દિવસોમાં -દેશમાં જીલ્લા -મુખ સોપશે,આ અંગે મધુસુદન મિસ્ત્રીએ એ જણાવેલ કે દીલ્હીમાં કોંગ્રેસના માટે પરીણામો સુધારા જનક મળશે તેવી આશા વ્યક્ત કરી છે અને ભાજપના વળતાં પાણીની પણ આશા સેવી લીધી છે.

# મોડાસા ખાતે પતંજલી યોગ સમિતિ દ્વારા યોગ મેરેથોનનું ભવ્ય આયોજન

મોડાસા, તા. ૭

મોડાસા પતંજલી યોગ સમિતિ દ્વારા આજે ૬ ફેબ્રુઆરી-૨૦૧૫ યોગ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં વિવિધ સંસ્થા ક્લબો શાળા-કોલેજ નગરજનો જોડાયા હતા. પતંજલી યોગ સમિતિના કેન્દ્રિય પ્રભારી ડૉ. જયદીપ અને રાજ્ય પ્રભારી શીશપાલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આજે વિશ્વએ યોગને સ્વીકાર્યો છે અને ૨૧ જૂન વિશ્વયોગ દિન તરીકે ઉજવાશે ત્યારે યોગ વિશે પ્રજા વધુ જાગૃત થાય તે હેતુસર આ સાથે નગર શહેરના યુવાનોને તેમના વ્યક્તિત્વ વિકાસ તેમજ જીવન-ઘડતર માટે યુવા ભારત સંગઠન સાથે જોડાવવા આહવાન કર્યુ હતુ. યોગ મેરેથોનની સફળતા માટે અરવલ્લી જિલ્લાના યોગ સમિતિના કાર્યકર્તાઓ પ્રો. રોહિત પ્રજાપતિ, જગદિશ ભાવસાર તેમજ મહિલા યોગ સમિતિના ડૉ. દિપ્તીબેન ઉપાધ્યાય, ભારત સ્વાભિમાન, યુવા ભારત, કિસાન પંચાયત લાયન્સ પરિવારના મોડાસાના પ્રમુખ પ્રવિણ પરમાર, ડૉ. મરીનાબેન પારેખ તેમજ લાયન્સ મિત્રો, નગરજનો વિવિધ સંસ્થાના વડાઓ, શ્રેષ્ઠીઓ, વેપારીઓ વગેરેએ જોડાઈ યોગ મેરેથોનને સફળ બનાવી હતી.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુએ દેખા દીધી : પ્રજાજનો ભયભીત

મોડાસા, તા. ૭

ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફલુ નામની ગંભીર બિમારીએ મનુષ્ય જીવને ભરડામાં લીધો છે. દિવસે દિવસે સ્વાઈન ફલુ નામની મહામારી બિમારી ગુજરાતના પ્રજાજનોને મોતના મુખમાં ધકેલી રહી છે. રાજ્યમાં સ્વાઈનફલુ રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં પગ પેસારો કરી રહ્યો છે. જેમાં અનેક લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા છે. જ્યારે અનેક દર્દીઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લો સ્વાઈનફલુથી બાકાત રહ્યો હતો પરંતુ માલપુર તાલુકામાં પ્રથમ સ્વાઈન ફલુનો કેસ મળી આવતા પ્રજાજનો ભયભીત હાલતમાં મુકાયા છે.

માલપુર તાલુકાના કાસવાડા ગામની મહિલાને છેલ્લા અઠવાડિયાથી શરદી, ખાંસી અને તાવના લક્ષણો જણાતા પ્રાથમિક સારવાર કરી હોવા છતાં શરીરનુ ઉષ્ણતામાન વધી જવાના કારણે અને શ્વાસ લેવામાં પડતી મુશ્કેલીના કારણે મહિલાએ સારવાર માટે જીતપુર પીએચસીમાં સારવાર માટે જતાં તબીબને પ્રાથમિક ધોરણે સ્વાઈન ફલુના લક્ષણો દેખાતાં યુદ્ધના ધોરણે અમદાવાદ સિવિલમાં મોકલવામાં આવી હતી. જ્યાં મહિલાના લોહીના નમૂનાની લેબોરેટરી કરાવતા સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો હતો. જેના કારણે મહિલાની અમદાવાદ સ્થિત સઘન સારવાર કરાવવામાં આવી રહી છે. ૪૫ વર્ષીય મહિલાની હાલત સ્થિર હોવાનુંજાણવા મળેલ છે. આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર આ મહિલાના ઘરે મહેમાન તરીકે આવેલા કચ્છના પરિવારના સંપર્કમાં આવવાના કારણે આ મહિલાને સ્વાઈનફલુ થયો હોવાનુ જાણવા મળી રહ્યું છે.





અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં મુસાફરો ભરીને બેફામ રીતે અને વધુ ટ્રાફિક મળી રહેવાના આશયથી મેઘરજના ગામડાઓમાં જીપચાલકો બેફામ પણે પૂર ઝડપે જીપગાડી ચલાવી અકસ્માત સર્જી દેતા હોવા છતાં બિન્દાસ્ત રીતે જીપગાડીઓ દોડાવી રહ્યા છે. મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામ નજીક ફેકટરી કંપાના સીમમાં સવારે ૮.૩૦ કલાકે સામાજીક પ્રસંગમાં ફેકટરી કંપા જવા નીકળેલા પરિવારની કારને પૂર ઝડપે રેલ્લાવાડા બાજુથી ગફલતભરી રીતે હંકારી ફેકટરીકંપા નજીક કાર જોડે અથડાવી દેતા સ્વીફટ કારના આગળના ભાગનો ભૂક્કો બોલાઈ ગયો હતો જેમાં કારચાલકને ગંભીર ઈજા પહોંચતા આજુબાજુના લોકોએ કારમાંથી બહાર કાઢી મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડેલ છે જયારે અકસ્માત સર્જી જીપ ચાલક પોતાનું વાહન મુકી ફરાર થઈ ગયો હતો. (તસવીર : મુકેસ ડામોર, ઈસરી)

# જમીનના રીસર્વેમાં ખેડૂતોને વાંધો પડ્યો

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના ભૂમીપુત્રોની જમીનોની પુનઃ મોજણી કરી નવેસરથી રેકર્ડ તૈયાર કરાવવામાં આવ્યો હતો. જેમાં રેકર્ડ અને સ્થળ સ્થિતિમાં ૨૫ ટકાથી વધારે તફાવત હોય, રેકર્ડ જાણે કે નાશ થયેલ હોય અથવા બ્રિટીશ સમયગાળા બાદ સર્વે થયો નથી જેથી રોડ, રસ્તા, કેનાલ, રેલવે લાઈન માટે જમીન સંપાદન થતાં સ્થાનિક સર્વે નંબરના ક્ષેત્રફળમાં ફેરફાર થયા હોવાથી રી-સર્વે ચોક્કસ માહિતી મેળવી શકાય તે માટે રાજ્ય સરકારે કામગીરી હાથ ધરેલ છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ વર્ષના મહેસુલી રેકોર્ડની રી-સર્વેની કામગીરી દ્વારા નવો કરવાની કામગીરી હૈદરાબાદ સ્થીત આઠ હાઉસી ટેકનો. પ્રા.લી. કંપનીને સોંપાઈ હતી. ડી. જીમીએસ તથા ઈટીએસ (ઈલેકટ્રોનીક ટોલ્સ સ્ટેશન) મશીન વડે એજન્સીએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રી-સર્વે કર્યું હતું. પરંતુ આ રી-સર્વેની કામગીરી બાદ સ્થળ કરતાં જુના રેકર્ડ પ્રમાણે નકશામાં ખેડૂતોની જમીન ઓછી નોંધાઈ હોવાની વ્યાપક ફરિયાદ સાથે જિલ્લા ડીએલઆર કચેરીમાં અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ વાંધા અરજીઓ રજુ કરી છે. ભૂમિપુત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્ય સરકારે નિયુક્ત કરેલી કંપનીએ અરવલ્લી જિલ્લાના જમીન માપણી અને રેકર્ડમાં વેઠ ઉતરાઈ હોવાનો આક્ષેપ કર્યો છે. જેમાં ૧૬૮૩ ખેડૂતોએ મોડાસામાં આવેલી ડીએલઆર કચેરીમાં વાંધા અરજીઓ દાખલ કરી છે. નવા સર્વે કામગીરીમાં અરવલ્લી જિલ્લાની કેટલાય ખેડૂતોની હયાત જમીન કરતાં ૩૫ થી ૫૦ ટકા ઓછી જમીન રેકર્ડ કરાયેલી હોય આ રી-સર્વેની કામગીરીમાં ભારે રોષ જોવા મળી રહ્યા છે. ડીએલઆઈ અધિકારી આર.એન. પાંડોરના જણાવ્યા અનુસાર હાલનો જમીન રેકોર્ડ ૧૦૦ વર્ષ જુનો હોવાથી અને કેટલાક રેકર્ડનો સાવ જીર્ણ થઈ ગયા હોઈ વર્ષ-૨૦૧૧ થી રી-સર્વેનો પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હાથ ધરાયેલી રી-સર્વેની કામગીરી માટે મોડાસા તાલુકાના ખંભીસર ગામે આઈકોન રેફરન્સ પોઈન્ટ ઉભો કરાયો છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧